જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૩/૨૦૨૧ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૪૭૩/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૪/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૦૪	૦	૧૧૩૦૪	૧૭૪૨૪	૦	૧૭૪૨૪
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૬	૦	૬૨૨૬
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૦	૭૦	૨૭૮	૦	૨૭૮
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૯૦૭૫	૪૯	૨૯૧૨૪	૩૦૪૩૨	૫૧	૩૦૪૮૩
કુલ		૪૫૧૫૧	૪૯	૪૫૨૦૦	૫૪૩૬૦	૫૧	૫૪૪૧૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૫	૬,૮૦,૪૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૯૦	૩,૯૦,૦૦૦/-

જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

નારોલ ખ્વાજાનગરની બાજુમાં આવેલ પમ્પીંગ સ્ટેશનની સામે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા સાત ઇસમોને જુગાર રમવાના સાધનો સાથે કુલ્લે કિ.રૂ.૬૯૭૭૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સા. તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી.ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીઝન અમદાવાદ શહેરનાઓએ પ્રોહી. તથા જુગારના કેસો શોધી કાઢવા સારુ આપેલ સુચના આધારે પોલીસ ઈન્સપેકટરશ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સપેકટર ટી.કે.દેવમુરારી તથા મસઈ બ્રિજરાજસિંહ દિલીપસિંહ બ.નં.૧૩૫૪૮ તથા અ.પો.કો.શક્તિસિંહ ઉદેસિંહ બ.નં.૫૭૩૩ તથા પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ તથા પો.કો.હરદીપસિંહ વિજયસિંહ બ.નં.૧૧૮૭ તથા બીજા સ્ટાફના માણસો સાથે નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા જે દરમ્યાન નારોલ ખ્વાજાનગરના નાકા પાસે આવતા પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ તથા પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ નાઓને બાતમી હકીકત મળેલ કે“ ખ્વાજાનગરની બાજુમાં આવેલ પમ્પીંગ સ્ટેશનની સામે આવેલ ખુલ્લી જગ્યામાં કેટલાક માણસો ગોળકુંડાળુ વળી ગંજીપાના વડે પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી–રમાડે છે.અને જે પ્રવૃતિ હાલમાં ચાલુ છે.” જે બાતમી હકિકત આધારે સદરી જગ્યાએ રેઈડ કરતાં આરોપીઓ મોહંમદશફી મોહંમદઅનીશ જાતે શેખ ઉ.વ.૩૦ ધંધો.મજુરીકામ રહે.મ.નં.બીÀ૦૫, બાગેરહેમત સોસાયટી અલીફનગરની પાસે વટવા અમદાવાદ શહેર+૦૬=૦૭ નાઓ મળી આવતાં તેઓની અંગઝડતી તપાસ કરતાં અંગજડતીના કુલ નાણા રૂ.૯૨૨૦/-તથા જમીન ઉપર વેરણ છેરણ પડેલ દાવના નાણા રૂ.૧૧૫૫૦/-તથા ગંજીપાના નંગ–૫૨ કિં.રૂ.૦૦/૦૦ તથા મોબાઈલ ફોન નંગ–૦૭ કિ.રૂ.૨૪૦૦૦/– તથા બજાજ પલ્સર મો.સા. કિ.રૂ.૨૫૦૦૦/– ની મત્તાનો મુદ્દામાલ મળી કુલ્લે કિ.રૂ.૬૯૭૭૦/- ની મત્તાનો મુદ્દામાલ સાથે મળી આવતાં આજરોજ તા૰૧૪/૦૩/૨૦૨૧ ના કલાક ૨૧/૩૦ વાગે પકડી અટક કરી તમામ વિરુધ્ધમાં નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ બી ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૦૧૭૪/૨૦૨૧ ધી જુગાર ધારા કલમ ૧૨ મુજબનો ગુનો રજીસ્ટર કરી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે.



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૭૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૮૨ લીટર દેશી દારૂ, ૭૭ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧૦ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૭,૪૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૭૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૪૭૬/૨૦૨૧**

સાયબર ક્રાઇમઃ અનિરૂધ્ધસિહ નસુભા વાઘેલા (ઉ.વ.૨૯) (રહે.શાંતિ રેસીડન્સી સુખશાંતિ સમૃધ્ધી રેસીડન્સી થોળ રોડ કડી જી-મહેસાણા) એ તા.૧૪/૦૩/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૧૦/૨૦૨૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન મેહતા ઇક્વીટાસ કંપનીના કર્મચારી/અધિકારી તરીકેની ઓળખ આપી અલગ-અલગ મોબાઈલ નંબરથી અનિરૂધ્ધસિહ વાઘેલાના મોબાઈલ ફોન પર વાત કરનાર આરોપી વિનાયક મહેતા, શેલી ગોયલ, ચેતન રાઠોડ, ઇન્દ્રદેવ મરીક તથા અજય ટાંક એ ભેગામળી "અનિરૂધ્ધસિંહ વાઘેલાને મેહતા ગૃપ/ઇક્વીટીસ સારી અને પ્રતિષ્ઠીત કંપની છે તેમાં ૨.૭૫ કરોડનુ પ્રોફિટ આપવાની લાલચ આપી" અનિરૂધ્ધસિહ વાઘેલાને શેર માર્કેટમાં રૂપિયા ૨૯,૦૯,૮૦૦/- રોકાણ કરાવી, ઈન્ટરનેટના માધ્યમથી નાણાં મેળવી લઈ, મહેતા ગૃપના લોગોવાળા લેટરપેડમાં ઇન્વોઇસની ખોટી પેમેન્ટ સ્લીપો તેમજ કોન્ટ્રાકટ લેટર મોકલી આપી વિશ્વાસઘાત અને છેતરપીડીં કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એન.દેસાઇ ચલાવે છે.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૪૭૭/૨૦૨૧**

અમરાઇવાડીઃ અવધેશભાઇ વિશ્વનાથસિહ કુશ્વાહ (રહે.શક્તિનગર, ગણેશનગરની બાજુમાં અમરાઇવાડી) એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૩૦ થી ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાના તાળા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૫૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જી.બાવા ચલાવે છે.

ઓઢવઃ વૈભવભાઇ ઘનશ્યામભાઇ વાઘેલા (રહે. મહાવિરનગર સોસાયટી સુજ્ઞાન સ્કુલની બાજુમાં વિરાટનગર રોડ, ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૩/૨૦૨૧ બપોરના ૪/૦૦ થી તા.૧૪/૦૩/૨૦૨૧ કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ રીંગરોડ રોયલ હોટલની પાછળ કર્ણાવતી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શેડ નંબર-૪૩ નું શટર ઉંચુ કરી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી રોકડ રૂપિયા ૧,૩૫,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.બી.ચૌહાણ ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૪૭૮/૨૦૨૧**

ખાડીયાઃ મોહનભાઈ અસ્લાજી અસરસા (ઉ.વ.૬૨) (રહે.હનુમાનવાળુ ડેહલુ દાણાપીઠ ફાયરબ્રીગેડની બાજુમાં દાણાપીઠ) એ તા.૧૪/૦૩/૨૦૨૧ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૨/૨૦૨૧ સવારના ૫/૩૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન એસ.ટી.બસ સ્ટેન્ડ ગીતામંદીર ટી.બી.હોસ્પિટલ થી દાણાપીઠ ફાયર સ્ટેશનની બાજુમાં નટરાજ દુકાન આગળ સુધીની ઓટોરિક્ષાની મુસાફરી દરમ્યાન રિક્ષા ચાલક અને અન્ય એક પુરૂષે મોહનભાઈની નજર ચુકવી થેલામાંથી રોકડ રૂપિયા ૪,૦૦,૦૦૦/- ચોરી કરી લીધા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એચ.દેસાઇ ચલાવે છે.

ટ્રેઈનની અડફેટે મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૪૭૯/૨૦૨૧**

સાબરમતીઃ રૂપેન્દ્ર રામવીરસિંહ યાદવ (ઉ.વ.૪૭) (રહે. રણછોડરાયનગર વિભાગ-૩ ચાંદલોડીયા) તા.૧૪/૦૩/૨૦૨૧ સવારના ૮/૦૦ વાગ્યા પહેલા ચાંદખેડા અને ડી કેબીન વચ્ચે રેલ્વે કી.મી નં. ૭૭૫/૨૩ થી ૭૭૫/૨૪ ની વચ્ચે એલ.સી. ગેટ નં. ૨૪૨ વચ્ચે અપ રેલ્વે લાઈન ઉપર ટ્રેઈનની અડફેટે આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રમણજી રામાજી ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૪૮૦/૨૦૨૧**

રિવરફ્રંટ વેસ્ટઃ પાર્થિવ દલપતભાઇ વાઘેલા (ઉ.વ.૧૬) (રહે. ઠાકોરવાસની ચાલી સ્વસ્તિક ચાર રસ્તા નેશનલ હેન્ડલુમ પાસે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૩/૨૦૨૧ બપોરના ૧૨/૪૫ વાગ્યા પહેલા સાબરમતી રીવરફ્રન્ટ પશ્ચિમ તરફના કિનારે એન.આઈ.ડી.ની પાછળ સ્કાઇલાઇન પાસે વોક-વે નજીક નદીના પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભગાભાઈ ભેમાભાઈ ચલાવે છે.

એરપોર્ટઃ વિષ્ણુભાઈ અંબાલાલ રાવળ (ઉ.વ.૩૩) (રહે.વણઝારાવાસ કોતરપુર ગામ સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૩/૨૦૨૧ સવારના ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિશ્રામભાઇ સોમાભાઇ ચલાવે છે.

સાબરમતીઃ રંજનબહેન ઉર્ફે રીતુબહેન વા/ઓ પ્રવિણભાઈ મકવાણા (ઉ.વ.૨૪) (રહે.ચામુંડાનગર ચોથી લાઈન, દિગ્વિજય કોલોની સામે, ન્યુ રાણીપ સાબરમતી) છેલ્લા દોઢ વર્ષથી પતિ સાથે મનમેળ ન હોવાથી પોતાના પિતાના ઘરે રહેતા હતા. જ્યાં તા.૧૪/૦૩/૨૦૨૧ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે અગમ્ય કારણસર મકાનની છતના ઉપરના ભાગે પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ટી.દેસાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી